अमृतं तु विद्या

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

(ટ્રસ્ટ નોંધણી નંબર E 322 મહેસાણા)

કડી : ગાંધીનગર

## વિકાસ યાત્રા
## પરિચય




## કર ભલા હોગા ભલા



## પ્રિય સર્વ વિદ્યાલય રાજે પ્રિય સર્વ વિદ્યાલય સોહે

રા.ર. શેઠ પ્રા. મ. વિવિધલક્ષી સર્વ વિદ્યાલય કડી ગુજરાતની પાયોનિયર શૈક્ષણિક સંસ્થા જેણે दियेसे दिया जलाओ ની જેમ ગુજરાતમાં અનેક શિક્ષણ સંસ્થાઓનું નિર્માણ કરવામાં ગૌરવપૂર્ણ યોગદાન આપ્યું છે. લોક સંસ્થાએ હજારો વિદ્યાર્થીઓના જીવન બાગને મહેંકતા કર્યા છે. અર્વાચીન ગુજરાતના શૈક્ષણિક સામાજિક અને આર્થિક વિકાસની ગંગોત્રી આ સંસ્થાને ગણવામાં આવે છે.



## દશુભાઈ એ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ

સર્વ વિદ્યાલય હાઈસ્કુલમાં ચાલતા ટેકનિકલ વિભાગ અને જુનિયર ટેકનિકલ સ્કુલના સંયોગીકરણમાંથી સર્જન પામેલ સ્વતંત્ર ટેકનિકલ હાઈસ્કુલ આ તસવીરમાં શોભી રહી છે. સામાન્ય વિષયો ઉપરાંત એલિમેન્ટ્સ ઓફ ઈલેક્ટ્રિકલ એન્ડ મિકેનિકલ એન્જીનિયરીંગ વર્કશોપ ટેકનોલોજી અને એન્જીનિયરીંગ ડ્રોઈંગના વિષયોનું શિક્ષણ અપાય છે. સમૃદ્ધ અને વિશાળ વર્કશોપમાં વિવિધ સાધનો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.



## શ્રી વિદ્યાર્થી આશ્રમ : મૂળ શાળા : મુખ્ય છાત્રાલય

આ છે ૨૪ કલાક નિરંતર ચાલ્યા કરતી ઘડતર શાળા. મૂળેતો સર્વ વિદ્યાલયનો આર્વિભાવ સને ૧૯૧૯ માં છાત્રાલય રૂપે થયેલો. અહીં અનેક છાત્રોના તન અને મન વિવિધ પ્રવૃત્તિઓનાં ટાંકણાંના વાત્સલ્ય ભર્યા સંસ્પર્શથી નવ ઘડતર પામ્યાં. જીવનનું બીજું નામ ચારિત્ર્ય. અહીં એનો પાયો નંખાયો.સમાજ જીવનને શોભાવતાં અનેક ક્ષેત્રોને અહીંથી સબળ નેતૃત્વ પ્રાપ્ત થયું છે.



## આચાર્યશ્રી નાથાલાલ નારણદાસ દેસાઈ સરસ્વતી સદન

સર્વ વિદ્યાલય કડીને ગુજરાત અને ગુજરાતના સીમાડા બહાર પોતાની નિષ્ઠા પુરૂષાર્થ અને વિદ્યાર્થીપ્રેમથી પ્રસિદ્ધિ અપાવનાર ઋષિ સમા આચાર્ય સદ્ગત નાથાલાલ દેસાઈની પુણ્ય સ્મૃતિમાં એમના વિદ્યાર્થીઓએ ફંડ ફાળો એકત્ર કરીને, મંડળના સહયોગથી આ શાળાનું નિર્માણ થયું. વિદ્યાર્થીઓ માટે સમર્પિત થઈ જનાર આચાર્ય માટે વિદ્યાર્થીઓનો કેવો અદકેરો પ્રેમ ! કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા આ સદનમાં બેસે છે.





## અમે ધન્ય બન્યા; મહારાજા સયાજીરાવ ગાયકવાડ પધાર્યા

"તમારી સંસ્થા ઈંગ્લેંન્ડની પબ્લિક સ્કૂલ જેવું સુંદર કાર્ય કરી રહી છે." આવી પ્રેરક વાણી બોલનારા હતા મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ તા. ૪-૧-૧૯૨૬ ના રોજ આ રાષ્ટ્રીય સંસ્થામાં પધાર્યા હતા. સંસ્થાનું વાતાવરણ જોઈને તેઓશ્રીએ આનંદ વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રીય ભાવનાનાં રંગથી રંગાયેલી આ શાળાના કાર્યકરો અને વિદ્યાર્થીઓ આઝાદીની લડતમાં સક્રિય રીતે જોડાયેલા હતા.




## ડૉ. રામભાઈ સંસ્કાર ભવન

પ્રવેશ દ્વારે આસોપાલવોથી શોભી ઊઠતા આ સંસ્કાર ભવનને વિદ્યાર્થીઓના અંતરને સંસ્કાર મઢ્યાં બનાવ્યા છે. સંસ્થાની સર્વ પ્રવૃત્તિઓના મંગલાચરણનું એ મુક સાક્ષી છે. અહીંની દિવાલોએ પ્રાર્થનાઓ, પ્રવચનો, ઉદ્ઘાટનો, સેમીનારો, નાટકો, સંવાદો, ગીત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ધબકાર ઝીલ્યો છે.



## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનાં પુનિત પગલાં શાળામાં


"તમારાં બાળકોને અભ્યાસ માટે અહીં મોકલો, તેઓ અહીં સાચી કેળવણી પામશે."

આવી દિવ્યવાણી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ઉચ્ચારી હતી. આ રાષ્ટ્રીય શાળામાં તેઓશ્રી તા. ૨૭-૯-૧૯૨૯ નાં રોજ પધાર્યા હતા તેઓ જે રૂમમાં રોકાયા હતા તે રૂમની આ તસવીર છે. ગામના નાગરિકો અને વિદ્યાર્થીઓની યોજાયેલ જાહેરસભામાં પ્રેરક પ્રવચનો આપ્યાં હતાં.



## મેઘના શિશુ વિદ્યાવિહાર

બાળકો પ્રભુનું રૂપ જ ગણાય છે. બૌદ્ધિક રમતો દ્વારા વિવિધ કૌશલ્યો અહીં બાળકો શીખે છે. આ માટે રૂપિયા ૨૫ લાખના ખર્ચે આ શિશુ વિદ્યાવિહારના અદ્યતન મકાનનું નિર્માણ કરવામાં આવ્યું છે.




## પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આર્ટ્સ કોલેજ

વિજ્ઞાન અને અધ્યાત્મના સુભગ સમન્વયના પ્રતીક સમી પ્રમુખ સ્વામી સાયન્સ કૉલેજ અને વિનયનમાં વિષયોનું વૈવિધ્ય સભર શિક્ષણ આપતી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ આર્ટ્સ કૉલેજના નવીન સુવિધાયુક્ત મકાનની તસવીર પ્ર.બ. સ્વરૂપ પ્રમુખ સ્વામીના આશીર્વાદ અને પ્રેરણા સંસ્થાને મળતાં રહ્યાં છે.




## અરુણકુમાર હરગોવિંદદાસ પટેલ ભોજનાલય

શ્રી વિદ્યાર્થી આશ્રમમાં ભોજનાલયનું મહત્વ વધારે હોય છે. છાત્રોને પૌષ્ટિક સ્વાદિષ્ટ છતાં સાદગી ભર્યો ખોરાક આપવામાં આવે છે. જે તેમના તન અને મનને પુષ્ટ કરે છે. વર્ષો પછી પણ અહીંના ભોજનનું આકર્ષણ છાત્રોને રહે છે. ગૌશાળાની ગાયોનું અમૃત સમાન દૂધ અને ભાખરીનો મધુર સ્વાદ મનને પ્રસન્નતા આપે છે. ૩૫ લાખ રૂપિયાના ખર્ચે ૫૦૦ છાત્રો એક સાથે જમી શકે તેવું વિશાળ ભોજનાલય તૈયાર કરવામાં આવ્યું છે. ડાયનીંગ હોલ નીચે સેલરમાં સંસ્થાનું મુદ્રણાલય છે.



## સાંકળચંદ કાળીદાસ પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા

રાજ્યની વિક્સતી જતી ઔદ્યોગિક ક્ષિતિજોને લક્ષમાં લઈ સંસ્થાએ સને ૧૯૮૧માં ઔદ્યોગિક તાલીમ સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થામાં ફીટર, વાયરમેન, પ્લાસ્ટીક પ્રો. ઓપરેટર ઈલેક્ટ્રિશિયન, ડ્રાફ્ટમેનમિકેનિકલ અને કોમ્પ્યુટર (ડી.પી.સી.એસ.)ના વિવિધ અભ્યાસક્રમો શિખવાય છે. તાલીમ પછી સાહસિક યુવાનો નાનામોટા ઉદ્યોગપતિઓ પણ બની શક્યા છે. પૂજ્ય સંતશ્રી આશારામજીના શુભ હસ્તે આ મકાનની ખાત્‌વિધિ થયેલ હતી.



## છગનભા સ્મૃતિ વ્યાખ્યાન માળા :

### પૂજ્યસ્વામીશ્રીસચ્ચિદાનંદ

સંસ્થાના આદ્યસ્થાપક પૂજ્ય છગનભાના પ્રેરક અને સેવાભાવી જીવન સંદેશનો સમાજમાં વ્યાપક રીતે પ્રચાર અને પ્રસાર થાય ઉપરાંત કર ભલા હોગા ભલા ના સંસ્કાર નવી પેઢી ને પ્રેરણા આપે તે માટે ૧૯૯૯થી સંસ્થા દ્વારા પ્રતિવર્ષે સંસ્થા સ્થાપના દિને આ વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવે છે. આનો મંગલ પ્રારંભ પ્રખર ક્રાંતિકારી સંત પૂજ્ય સ્વામી શ્રી સચ્ચિદાનંદ (શ્રી ભક્તિ નિકેતન આશ્રમ દંતાલી) મહારાજશ્રીના આશીર્વાદ દ્વારા થયો છે.



## ગુજરાત ગૌશાળા

પ્રકૃતિના ખોળે ખીલેલી, ગાય વાછરડાંના ઉછેર ભાંભરવાના મીઠા રણકારથી ગુંજી ઊઠતી ગૌશાળા કડીથી બે કિ.મી.ના અંતરે લગભગ ૧૫૦ એકર જમીનના વિસ્તારમાં લીંબુવન, બોરડીવન, અને ઘાસનાં ખેતરો રૂપે વનરાજી વચ્ચે પથરાયેલી સ્વતંત્ર બોર સાથેની પર્યટન પ્રેમીઓ માટે વનભોજન સાથે વિહાર કરવા માટેની રમણીય ગૌશાળા આકર્ષક અને સુંદર છે.




## ઉમા આર્ટસ્ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજ

તસવીરમાં દેખાતી વિશાળ ઇમારત ઉમા આટર્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજની છે. સ્નાતક કક્ષાએ દશ જેટલા મુખ્ય વિષયો શીખવવામાં આવે છે. આ કોલેજ સુંદર શિક્ષણ, ઉમદા શિસ્ત અને ઉજ્જવળ પરિણામો માટે સમગ્ર ગુજરાતમાં વિખ્યાત છે. કોમ્પ્યુટરની તાલીમ પણ આપવામાં આવે છે. અનુસ્નાતક સુધીના પૂર્ણ શિક્ષણની સુવિધા ઊભી કરવામાં આવનાર છે.



## પુરૂષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા)

ગોકુળિયાં ગામડાંનાં બાળકોને પાટનગર ગાંધીનગરમાં છાત્રાલય સાથે સર્વાંગી શિક્ષણ મળે એ માટે જૈફ વયે પણ ભારે પુરૂષાર્થ કરી શૈક્ષણિક સંસ્થાઓનું પૂજ્ય દાસકાકાએ મંડળના સહયોગથી ઈ.સ. ૧૯૭૮માં સર્જન કર્યું. આજે ૨૨ એકર જેટલી વિશાળ ભૂમિ ઉપર વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ વિકાસ પામી રહી છે. આ રમણીય કેમ્પસ્ દર્શનીય પણ છે.



## બળદેવભાઈ ગોપાળદાસ પટેલ (ડીંગુચાવાળા) કન્યા છાત્રાલય

ઘટાદાર વૃક્ષો વચ્ચે શોભી રહેલી આ તસવીર બળદેવભાઈ ગોપાળદાસ પટેલ (ડિંગુચાવાળા) કન્યા છાત્રાલયના વિશાળ અને સુવિધા પૂર્ણ મકાનની છે. ધો. ૫ થી સ્નાતક સુધીનું શિક્ષણ લેતી ગ્રામ કન્યાઓ અહીં જીવનઘડતર કરી રહેલ છે. શ્રી બળદેવભાઈ અને તેમના મિત્ર પરિવારે આ માટે માતબર દાન આપીને કન્યા કેળવણી વિકાસની કેડી કંડારવામાં સુંદર યોગદાન આપ્યું છે.



## શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ

શેઠશ્રી ચંદુલાલ માધવલાલના ઉદાર દાન અને સંસ્થાના કર્ણધાર સ્વ. પુરૂષોત્તમદાસ ર. પટેલના ભારે ખંત, પ્રેમ અને પરિશ્રમથી ગાંધીનગરમાં ઊભા થયેલા શિક્ષણ સંકુલમાં સૌ પ્રથમ બંધાયેલ ઈમારત શેઠ સી.એમ. હાઈસ્કૂલની તસવીર. ૧૯૭૮માં વિજ્ઞાન પ્રવાહ સાથે શરૂ થયેલ શાળા શિસ્ત શિક્ષણ અને ઊચાં પરિણામો માટે જાણીતી છે. માણેકલાલ માધવલાલ (કડીવાળા) શિક્ષણ સંકુલમાં આ શાળા આવેલી છે.



## કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ

ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે ગુજરાતનું આગવું પ્રદાન છે. આ ક્ષેત્રે આપણાં યુવક યુવતીઓ માટે સ્વરોજગારી અને ઉદ્યોગ સ્થાપના કરવાની સુવર્ણ તક છે. કાલુપુર બેંકની પ્રેરણા અને સહયોગથી આ પ્રોજક્ટ સાકાર થઈ શક્યો છે. અત્યાર સુધીમાં કાલુપુર બેંકે રૂપિયા એક કરોડ જેટલી ઉદાર સખાવત આપીને બળ પૂરૂ પાડ્યું છે. સાધન સજ્જ પ્રયોગશાળાઓ, કૉલેજનું અદ્યતન મકાન અને હૉસ્ટેલો પાછળ ચાર કરોડ રૂપિયાનું ખર્ચ થયું છે. એમ. ફાર્મ અને રીસર્ચ સેન્ટર પણ ઊભું કરવામાં આવનાર છે.



## ઈંગ્લિશ મિડિયમ છાત્રનિવાસી શાળા

અંગ્રેજી ભાષાના ઉત્તરોત્તર વધતા જતા ઉપયોગ અને મહત્વને લક્ષમાં લઈ આપણાં બાળકોને અંગ્રેજી શિક્ષણ સુલભ બને એ હેતુથી ગોવિંદભાઈ એમ. પટેલના ઉદાર આર્થિક સહયોગથી સવિતાબેન ગોવિંદભાઈ પટેલ ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલ શરૂ કરી છે. સર્વ વિદ્યાલય ઈંગ્લિશ મિડિયમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક છાત્રનિવાસી શાળા પણ શરૂ કરવામાં આવી છે.



## સાંકળચંદ પટેલ ઈન્સ્ટીટયુટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ

ગુજરાત રાજ્યે ભારતના પ્રથમ હરોળના ઔદ્યોગિક રાજ્ય તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતાં વહીવટી અને કોમ્પ્યુટરના ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે વિકાસનાં અનેક દ્વારો ખુલી ગયાં છે. આ માટે ભારે મોટો આર્થિક બોજ વહન કરીને સંસ્થાએ આ પ્રોજેક્ટ સાકાર કર્યો છે. ગુજરાતના ટોચના સહકારી આગેવાન સદ્‌ગત સાંકળચંદ પટેલની સ્મૃતિમાં વિસનગર મજૂર સહકારી મંડળી તરફથી રૂપિયા એક કરોડનુ માતબર દાન મળ્યું છે. આ તસવીરમાંની સુંદર ઈમારત આ કૉલેજની છે.



## આર.જી. ગર્લ્સ એન્ડ એસ.બી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ

કન્યા શિક્ષણ ક્ષેત્રે જાણીતી આ સંસ્થા શિક્ષણ, પરિણામો અને પ્રવૃત્તિઓ માટે સુવિદિત છે. રાઈબેન ગોપાળભાઈ પટેલની પ્રેરણા અને આર્થિક સહયોગથી આ શાળા શરૂ થઈ છે. સવિતાબેન બાબુભાઈ પટેલ (ડિંગુચાવાળા) ના આર્થિક સહયોગથી ઉ.મા. શાળામાં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ ના વર્ગો પણ ચાલે છે. કાલુપુર બેંક કન્યા શિક્ષણ સંકુલમાં આ શાળા આવેલી છે.



## ફાર્મસી કેમ્પસ્ હૉસ્ટેલ સંકુલ

આ છે ફાર્મસી કેમ્પસ હોસ્ટેલની સુંદર આકર્ષક અને ભૌતિક સુવિધાઓથી સજ્જ હૉસ્ટેલ સંકુલ. આ હૉસ્ટેલ સંકુલમાં ફાર્મસી અને એમ.બી.એ. / એમ.સી.એ. ના છાત્રો રહે છે. હૉસ્ટેલ સંલગ્ન વિશાળ ભોજનાલયની સુવિધા પણ છે. હૉસ્ટેલના એક બ્લોક માટે અમથીબેન રેવનદાસ તથા ડાહીબેન ભોળીદાસ પટેલ નો સહયોગ મળેલ છે. હૉસ્ટેલ સંકુલમાં આવા આઠ બ્લોક સાકાર થઈ રહ્યા છે.